

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

લીલી સાડી ઓઢી પોઢી પૃથ્વી ઠઠારો જોઈ લે,
પર્વતો-નદી-તળાવોના સજ્યા શણગારો જોઈ લે,
જોઈલે તું પણ મકબરો તારી જ મૈયતયાત્રાનો છેલ્લો-
ઓલવાતા દીપની સગથી છેલ્લો નઝારો જોઈ લે.

હાઈકુ

વિલાતા રંગ
ડૂબતી સંધ્યા જોઈ
ખીલી કલમ....

ડૂબે ભવ્યતા
જાણે ટાઈટેનિક
મહાસાગરે....

### ચિંતન

*મંગલામંગલં યદ્ યદ્ કરોતિ ઈશ્વરો હિ મે,*
*તત્સર્વં મંગલાયેતિ વિશ્વાસઃ સખ્યક્ષણમ્ ॥*

ઉપરોક્ત શ્લોક ડિવઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

ઈશ્વર મારું 'જે મંગલ કે અમંગલ કરે તે બધું અંતે મંગલને માટે જ છે ' એવો વિશ્વાસ એ સખ્યનું લક્ષણ છે.

પાણી જેટલું ઉપરથી આવે તેટલું ઉપર જાય તેમ શિવમાંથી છૂટા પડેલા જીવે પણ પાછા શિવમાં જવાની વૃત્તિ રાખવી જોઈએ. ઈશ્વર પણ પાણીની માફક નિરાકાર છે. જેવા પાત્રમાં મૂકો તેવા આકાર પાણી ગ્રહણ કરી લે છે. તેમ ઈશ્વર પણ નિરાકાર એટલે જેવો ધારે તેવો આકાર લે તેવા છે. વળી 'નારા' શબ્દનો અર્થ જનસમુદાય એવો પણ થાય છે. લોકોમાં રહીને જ લોકોથી છૂપા રહેનાર નારાયણને ઓળખવા મુશ્કેલ છે.

માણસે પણ પોતાના જીવનમાં ભગવાનને લાવવા હોય તો પાણી જેવું જીવન બનાવવું જોઈએ. માણસે પોતે નિર્મળ થઈને અન્યના જીવનને સ્વચ્છ બનાવવા પ્રયત્ન કરવો જોઈએ. આપણું જીવન પણ બીજા માટે ઉત્સારપ્રેરક બનવું જોઈએ. આપણો પ્રભુ ઉપરનો પ્રેમ કોઈ પણ સ્થિતિમાં સમાન રહેવા જોઈએ. આપણા પ્રભુ પ્રેમમાં ખાડો ન પડવો જોઈએ.

### સુવિચાર

- માણસના વાવેતર માટેનો સામુહિક યજ્ઞ એટલે જ આપણી શિક્ષણ વ્યવસ્થા - **રોબર્ડ ફ્રોસ્ટ**
- ભલે હો ઊભા કલ્પવૃક્ષોની છાંયે,
  મળે એ જ છે,જે વિચારો છો માંહે - **મકરંદ મૂસળે**
- માનવી જીવનભર પ્રયાસ કરે,
  તો પણ દેહ આત્માના ભેદ ને પામી શકતો નથી. માનવજીવનનો પરમ હેતુ એના ભેદને પારખવાનો પામવાનો છે - **ડો. કુમારપાળ દેસાઈ**
- જે ધર્મના કેન્દ્રમાં માવન હોતો નથી, એ ધર્મ માનવ માટે હોતો નથી - **જીવન પાથેય**
- મંદિરમાં પ્રવેશતી વખતે 'હું'નું પોટલું બહાર મૂકે તે જ સાચી ભક્તિનો અનુભવ કરી શકે. ભક્તિની મસ્તી આવતાં પછી માત્ર 'તું' જ રહે છે - **ભૂપત વડોદરિયા**
- સાચા પાડોશીની વ્યાખ્યા ન હોય, એની ઓળખ તો એના વર્તનથી મળે - **જેરમી ટેલર**
- આજનું ઔષધ : અડદની દાળ એક ચમચી એક ગ્લાસ સાથે પાંચ મીનીટ ઉકાળી તે પાણી પીવાથી ભાંગો નશો ઊતરે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બે પટેલમાં સારી દોસ્તી હતી. બંનેના ઘર બાજુબાજુમમાં હતા. બંનેના ત્યાં ભેંસો દૂઝતી હતી. બંનેની ભેંસો ગાભણી હતી. અને એક જ દિવસે વિવાય તવી હતી. રાત્રે પણ ભેંસોનું ધ્યાન રાખવું જાગવું પડે તેમ હતું. એટલે બંનેએ નક્કી કર્યું કે આપણે એક-એક પહોર વારાફરતી જાગતા રહીશું. અને ભેંસોનું ધ્યાન રાખીશું.

થોડા વખત પછી બન્યું એવું કે રાત્રે બંને ભેંસો સાથે જ વિયાણી. એ વખતે જે પટેલ ઊંઘતો હતો તેની ભેંસ ને પાડી આવી હતી અને જે જાગતો હતો તેની ભેંસને પાડો આવ્યો હતો.જાગનારા પટેલે વિચાર કર્યો કે ઊંઘતા ન શી ખબર પડવાની છે. કે તેની ભેંસને પાડી આવી છે. એટલે એણે તરત જ પાડી પોતાની ભેંસ પાસે મૂકી દીધી અને પાડો પેલી ઊંઘતાની ભેંસ પાસે મૂકી દીધો. હવે જાગવાનો વારો બદલાયો. ઊંઘતા પટેલે જાગીને પૂછ્યું. ભેંસને શું આવ્યું ? પાડો કે પાડી ? જાગતા પટેલે જવાબ આપ્યો. તારી ભેંસને પાડો આવ્યો છે અને મારી ભેંસને પાડી આવી છે.

આ ઉદાહરણ પરથી કહેવત પ્રચલિત બની છે. 'જાગતાની પાડી અને ઊંઘડાનો પાડો.'

# આજના રાવણોથી સાવધ રહીએ

**તંત્રીસ્થાનેથી...**

રાવણ હતો એટલે રામ ઓળખાયા. નિયતિ જ આવા પ્રયિનાયકોનું પણ સર્જન અને જતન કરતી રહે છે. રામાયણ કે વિશ્વનું પ્રથમ મહાકાવ્ય છે અને એના રચયિતા વાલ્મિકી જાતે એમાં એક પાત્ર તરીકે આવે છે. વિજયાદશમી કે દશેરા એ અનિષ્ટ પર ઈષ્ટના વિજયનું પર્વ છે. નવરાત્રીના પુનિત પર્વને દુનિયાના સૌથી લાંબા નૃત્યોત્વની ઓળખ સાંપડી ચૂકી છે. ભારતીયતાની ઓળખ આપતા મહાનાયકો છે રામ, કૃષ્ણ, બુદ્ધ અને મહાવીર. ગાંધીજીને પણ દુનિયા એમની પંગતમાં બેસાડતી થઈ છે ખરી. પરંતુ પૌરાણિક મહાકાવ્યના નાયકો પ્રત્યે લોકમાનસમાં જે ઊંડી આસ્થા પ્રવર્તે છે તે કંઈક જુદી ચીજ છે. દશેરાના દિવસે ભગવાન રામે રાવણને નાભિમાં બાણ મારી નિર્વાણ આપ્યું હતું. લંકા વિજયના આ પર્વને દેશ આખો 'રાવણ દહન' જેવા લોકોત્સવ તરીકે ઊજવે છે. દિલ્હીમાં તો એક વિશાળ મેદાનનું નામ જ રામલીલા મેદાન છે. રાવણના વિશાળ પૂતળાને ખુદ વડાપ્રધાન અગ્નિબાણ છોડીને સળગાવે છે. વિજયાદશમી પર્વ પાંડવો સાથે પણ સંકળાયેલું છે. ગુપ્તવાસ દરમિયાન પાંડવોએ એમનાં શસ્ત્રો શમીવૃક્ષના થડ સાથે દાટ્યાં હતા. આ ઘટનાની સ્મૃતિમાં આજે પણ ઠેકઠેકાણે વિજયાદશમીના દિવસે શસ્ત્રપૂજન થાય છે. વળી આ દિવસે અશ્વદોડ પણ યોજાય છે. નવરાત્રી પર્વની પૂર્ણાહૂતિ મહિષાસુર મર્દન સાથે થાય છે. ચામુંડા સ્વરુપે જગજનીએ શુંભ-નિશુંભ અને મહિષાસુર જેવા અસુરોનો સંહાર કરી પૃથ્વીને નિર્ભય કરી હતી. નવરાત્રીના નવ દિવસો શક્તિ ઉપાસના અને આરાધનાના દિવસો છે. પરંપરાની રુએ એ શક્તિ ઉપાસનામાં નૃત્ય અને સંગીતનો સમન્વય થયો છે. ગુજરાતમાં નવરાત્રી સૌથી મોટો ઉત્સવ છે તો બંગાળમાં દૂર્ગા પૂજા તરીકે એ જ શક્તિપૂજનું પર્વ ભવ્યાતિભવ્ય રીતે ઊજવાય છે. વિજયાદશમી સાથે આમ રામથી લઈ દુર્ગા અને પાંડવો સુધીના સંદર્ભો સંકળાયેલા છે. ગત વર્ષો દરમિયાન દેશમાં કોરોનાનો કેર પ્રવર્તતો હોઈ નવરાત્રીની ઉજવણી થઈ શકી નહોતી. હજી સુધી ચાઈનીઝ કોરોનાનો ઓછાયાથી પૂર્ણપણે મુક્તિ નહીં મળી હોવાને કારણે આ વર્ષે પણ પાર્ટી પ્લોટોમાં નવરાત્રી મહોત્સવની ઊજવણીને મંજૂરી નહોતી અપાઈ. અલબત્ત આસ્થાવાન પ્રજાએ નિયમોમાં રહીને શેરી ગરબાની રમઝટ જરૂર માણી છે. વળી પાવાગઢ અને અંબાજી જેવી શક્તિપીઠોમાં ભીડ પણ જામી છે. ગયે વર્ષે દિવાળી પછી ચાઈનીઝ કોરોનાએ ફક્ત અસંખ્ય દરદીઓનો જ નહીં બલકે આખેઆખી રાજય સરકારનો ભોગ લીધો છે. આથી નેતાઓએ પણ કોરોના પ્રોટોકોલ જાળવીને જ તહેવારો ઊજવવા પડશે. ૪૦૦ માણસોની મર્યાદા સાથે કાર્યકરો સંપન્ન કરવા પડશે. આખરે આ પ્રતિબંધો પ્રજાહિતમાં જ અમલી બનાવાયેલ છે તે સમજવાની જરૂર છે. ભારત રુપી રામ સામે રાક્ષસી તાકાતવાળો નવો રાવણ ઘુરકિયાં કરી રહ્યો છે. નવરાત્રીના અંતિમ દિવસોમાં અરુણાચલના પ્રવાસે ગયેલા ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુની હાજરીથી એ છંછેડાઈ ગયું છે. ચીન અરુણાચલ પ્રદેશ પર પોતાનો હક દાવો કરી રહ્યું છે તે સૂચક છે. ભારતના ઉપરાષ્ટ્રપતિનો આ પ્રદેશમાં પ્રવાસ એને મંજૂરી નથી. ચીની શાહુકાર અરુણાચલને ભારતનું અભિન્ન અંગ ગણવા તૈયાર નથી. એ તો એને તિબેટનો જ ભાગ માનીન એના પર પોતાનો અધિકાર સ્થાપવા માગે છે. ભારતે એની ધમકીને કયારેક ગણકારી નથી. હવે આ જ મુદ્દે એકાદ તણખો ઝરે તો યુદ્ધ ફાટી નીકળતાં વાર કેટલી ? લદાખમાં ચીનની આડોડાઈ અને કાશ્મીર પર પાક પ્રેરિત તાલિબાનના ઉશ્કેરણીજનક વીડિયો તથા વધી ગયેલી આતંકવાદી પ્રવૃત્તિથી સરહદો ફરી એકવાર સળગી ઊઠે એવી પૂરી સંભાવના છે. ચીન રુપી રાવણે તો તાઈવાન નામની સીતા પર પણ વર્ષોથી નજર બગાડેલ છે. એ તાઈવાનને ચીનમાં સમાવીને જંપશે - એ મતલબનાં વિધાનો ખુદ શી જિન પિંગના મુખેથી ઓકાતાં રહ્યા છે. ચીન - પાકિસ્તાન અને તાલિબાન રાવણનાં જ ત્રણ માથાં છે. વિજયાદશમી પર્વે આપણે આવા આધુનિક રાવણોથી પણ સાવધ રહેવાની જરૂર છે.

# શરદ પૂનમે 'માણસ'ની વાત



અમર વારસો
ડો. રશ્મિકાન્ત મહેતા

ધ્યેયનિષ્ઠા. ધ્યેય પ્રાપ્ત કરવાની અડગ નિષ્ઠા. એક માણસે અરણ્યમાં રામ નામના જપ શરૂ કર્યા. એકાગ્રતા આવી - શરીર ઉપર માટીના રાફડા બાજી ગયા. લોકોએ કહ્યું, 'આ તો 'વાલ્મિકી' છે વલ્મીક એટલે રાફડો.

દેવર્ષિ નારદ એના પર પ્રસન્ન થયા. એને આદેશ આપ્યો - તું નરોત્તમનું ચરિત્ર કહે. ઉત્તમ મનુષ્યની કથા કહે. 'રામ અયન.' રામનું ચરિત્ર. બ્રહ્માએ આશીર્વાદ આપ્યા. 'જયાં સુદી પર્વતો પૃથ્વી ઉપર ઊભા હશે. જયાં સુધી નદીઓ વહેતી રહેશે. ત્યાં સુધી બધા પ્રદેશોમાં રામાયણી કથા ફેલાતી રહેશે.'

આસક્તિ. કોઈ પણ પ્રકારની હોય, એ કોઈ વાર અનિષ્ઠ નોતરી બેસે. રાજા દશરથે કૈકેય પ્રદેશના રાજા યુધાજિતને વચન આપી દીધું - 'એની કન્યા તરુણ વયની કન્યા - પોતાને પરણામે. તે એનાથી થયેલા પુત્રને ઉત્તરાધિકારી બનાવશે.'

પુત્રો જન્મ્યા - રામ, ભરત, લક્ષ્મણ, શત્રુઘ્ન. ભરતને મોસાળ મોકલી આપ્યો. કૈકયથી અયોધ્યા આવતા સાત દિવસ થાય. એટલે દૂર. રામના અભિષેકની તૈયારી શરૂ કરી દીધી. કૈકેયી ખુશ હતી. મને તો ભરત કે રામમાં કોઈ ભેદભાવ નથી.' એ તો મંતરાને ધ્યાન દોર્યું કે અભિષેક ભરતનો થવો જોઈએ. એણે વચન આપેલું છે.

દશરથ કહી શકયા હોત - કૈકેયી તારી બંને વાત સ્વીકાર્યે. રામને વનવાસ અને ભરતને ગાજી. પણ ભારતે આવી જવા દે. 'કુલગુરુ વશિષ્ઠને ખાતરી હત - ભરત ગાદી નહીં સ્વીકારે !'

દંડકારણ્યમાં શૂર્પણખાનું Tussing થયું. એના નાક કાન આપી નાખ્યા. શૂર્પણખા રામાયણ યુદ્ધનો આગનો તણખો બની.

દંડકારણ્યમાં સીતાને લાગ્યું. 'રામ અકારણ શસ્ત્રો ધારણ કરે છે, તે બરોબર નથી. એણે કથા કહી - 'એક મુનિ તપ કરતા હતા.

ઈન્દ્ર ત્યાંથી પસાર થયો. તેણે પોતાનું શસ્ત્ર એણે સાચવવા આપ્યું. પછી એ પાછો ન આવ્યો. મુનિએ શસ્ત્ર ધારણ કરવા માંડ્યું. એનામાં સંહારવૃત્તિ વધતી ગઈ અને નર્કને પામ્યો. અભિમાન કોઈ સ્વરુપમાં સારું નહીં. મારીચ, મંદોદરી, કુંભકર્ણ, વિભીષણ સૌ કોઈએ રાવણને વખતોવખત અટકાવવાનો પ્રયત્ન કર્યો.

કોઈનું ન માન્યું. અને વિનાશને નોતરી બેઠો.'

સીતાનો એકાન્તવાસ અશોકવાટિયામાં સહ્ય બની શક્યો. વિભીષણની પુત્રી કલા અને સખી હતી. ત્રિજટા, સરમા, ધન્મ માલિની - આ સૌને સીતા માટે સહાનુભૂતિ હતી.

રામાયણની કથામાં 'માટીની મહેંક' છે કયારેક લાગે - મારી, તમારી અને આપણા સૌની વાત છે.શરદ પૂનમે, જીવનમૂલ્યોને જાળવતી આ ચિરજીવ કથાના સર્જકને પ્રમાણ.

# હળે મળેને હરે ફરે ને જલસે જલસા કરે, આવો માણસ પ્રભુની આંખે સદાય જીવથી ઠરે

અંજલિ...

સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાના પ્રશિક્ષણ કેન્દ્રમાં આસી.જનરલ મેનેજર અને ડાયરેટર તરીકે સેવા બજાવનાર, લાખો તાલીમાર્થીઓને માર્ગદર્શન આપનાર, અને એમની બેંક ઓફિસરોને ભણાવવાની આગમી સ્કીલ, અનોખું સંચાલન , કવિ, વિવેચક, લેખક, નાટયકાર, સંચાલક , આયોજક , કોલમિસ્ટ, એક્ટર ... રંગમંચના માણસ ..



સ્ટેટ બેંક્માં આપેલું એમનું યોગદાન અતિ પ્રશંસનીય હતું .

એક સાહિત્યકાર તાલીમ અને શિક્ષણ આપે એ અમારા માટે જ્ઞાન મેળવવાનો લહાવો હતો.

શ્રી વિનોદ અમલાણી સરની લોકપ્રિયતાનો અંદાજ એમને સ્વયં પણ નહોતો.

સાહિત્ય પ્રત્યે એમની ઈમેજ અને નામના ભૂલાય એમ નથી.

ગાંધીનગર સમાચાર માં 'આવો જીવીએ શાનદાર કોલમ ના એકે એક લેખના આલેખનો પાછળ વાચકો એમના ચાહક હતાં.

એમનું પુસ્તક 'બસ હવે તો જીવી લેવું છે'એ કોઇપણ નિરાશ અને હતાશા અનુભવતાં માણસને જીવવાનું બળ આપી જાય છે.

એમના પુસ્તકના નામ પણ જીવવા પ્રેરે એવાં હતાં.' લ્યો હું તો જીવવાનું જ ભુલી ગયો અને '
ચાલને ,
હવે તો જીવી લઈએ ...
જાણે જીવવાની પ્રેરણા આપે વાક્યે વાક્યે એવા મોટીવેશનલ છે દરેક પ્રસંગ.



અચાનક એમની અણધારી વિદાયના સમાચાર થી સાહિત્ય જગત અને બેંક માં ખોટ રહેશે.

આપણાં સૌના એવાં લોકપ્રિય વિનોદ અમલાણી સરની ચિર વિદાયના સમાચાર મને અંગત રીતે આઘાત અને આંચકો આપનાર છે.

મને ક્ષણે ક્ષણે લેખનમાં અને હેલ્થ બાબતે પ્રોત્સાહિત કરનાર ને મારે શ્રદ્ધાજલી માટે બે શબ્દો લખવા પડશે એવી કયારેય કલ્પના શુધ્ધા નહોતી.

એ હંમેશા એમના સૌરાષ્ટ્ર ના લહેકામાં કહેતા કે....

'મરણ તો આવે ત્યારે વાત અત્યારે તો જીવન સાથે ગમતી મુલાકાત મહેફિલને મનભરી માણી જલસા જલસા કહેતા રહેવું'

આવા નિખાલસ વ્યક્તિત્વ ધરાવતા શ્રી વિનોદ સર આપણી વચ્ચે રહ્યા નથી પરંતુ શબ્દે શબ્દે આપણી વચ્ચે જરૂર રહેશે.ગુજરાતી સાહિત્યને જે અર્પણ કર્યું છે તે ' ન ભૂતો, ન ભવિષ્યતિ છે .તેઓ શબ્દના સાધક, મેનેજેન્ટના આરાધક અને વિશિષ્ટ અસ્તિત્વ ધરાવનાર હસમુખા અને સૌને સરળતાથી સમજી જનાર વ્યક્તિત્વ હતાં.દુઃખની છાયા જાણે પથરાઈ ગઈ છે. સર આમ અચાનક ચાલ્યા જશે એવું ધાર્યું નહોતું.મારા આગામી પુસ્તકમાં પ્રસ્તાવના માટે એક પેજ કોરું જ રહી ગયુ.તેમના વાચકો અને ચાહકો એમની કલમના બંધાણી હતાં અને એમની નિયમિત કોલમ માટે વાચકો બે સહારા બની જશે .

એમનાં આર્ટિકલમાં જીંદગી જીવી લેવાની વાતો હતી. એક એક પ્રસંગ અનોખા ઉદાહરણ સાથે સરળ ભાષામાં લખ્યા હોય છે. સમાજને એમના ચાલ્યાં જવાથી ખોટ સાલશે. જાણે એક ઝળહળતા વિનોદ કરતાં સૂર્યનો મધ્યાન્હે અસ્ત થયો.

વિનોદ સરની વિદાયથી જીવનમાં સર્જાયેલો શૂન્યાવકાશ કાયમ રહેશે.

એમનાં શબ્દોનું સ્મરણ અને કાર્યનું અનુસરણ કરીને એમના આત્માને પ્રસન્ન કરવાનો પ્રયાસ કાયમ રહેશે.સ્વ શ્રી સુરેશ દલાલ નું એક મુકતક યાદ આવ્યું કે ...

'મૃત્યુ જેટલું મોટું પૂર્ણવિરામ કોઈ નથી
શબ પર ફૂલ મૂકીએ છીએ
એ પહેલાં હદયમાં પથ્થર મૂકવો પડે છે.'

- પારુલ અમિત 'પંખુડી' ૭૨૦૧૦૦૧૪૮૨

# દેશ શું, પરદેશ શું ? કુદરતે ક્યાં રાખ્યો છે ભેદ!
# પરદેશમાં 'મીસ' થતો દેશ



હળવે હૈયે
પ્રકાશ લાલા

લંડનમાં મોંઘા તો મોંઘા પાન (સાદુ સિત્તોર કે સો રુપિયાનું) ખાવા મળે પણ ખાઈને આપણને ત્યાંની માફક મન ફાવે ત્યાં મોજથી એની પિચકારી મારવાની મજા અહીં 'મીસ' થાય! એમ તો લાઈન તોડીને બસમાં ચઢી જવાની મોજ પણ અહીં ના મળે અને વાહનોનાં હોર્નનો ઘોંઘાટ, એક્સીડેન્ટ થતાં બે વાહનોના માલિકો વચ્ચેની ઉગ્ર શાબ્દિક (ગાળાગાળી સ્તો) ને પછી શારીરિક લડાઈનાં દશ્યો, ટ્રેઈન - બસમાં મોટે મોટેથી વાતો કરતાં પેસેન્જર્સના કલબલાટ - આ બધું બહુ 'મીસ' થાય ... અરે, પસ્તીવાળા સાથે ભાવની રકઝક કરીને છેવટે પેપર, ડબલા - પૂંઠા - બુકસની પસ્તી વેચીને પચાસ - સો રુપિયા કમાયાનો આનંદ પણ અહીં નથી મળતો.ઉલ્ટાનું અહીં તો પસ્તી યાદ રાખીને 'રીસાઈકલ બીન'માં પધરાવવાનો ઉદ્યમ કરતા રહેવું પડે છે !!

અહીં પરદેશમાં દેશની જે જે બાબતો 'મીસ કરાય છે એ યાદીમાં 'ઓટલા પરિષદ' ની ય ગણતરી મૂકવી પડે... આપણે ત્યાં ઓટલા પરિષદનું ભારે મહાત્મયછે, ખરું કે નહીં ? ગૃહિણીઓ બપોરે ફ્રી થાય કે પોતાના - પાડોશીના એટલે ભેગી થઈને 'વાતોનાં વડાં' તળે કે પછી કોઈનું 'વાટી' નાખીને 'જવાદોને મારી બાઈ, આપણે શી પંચાત...' કહેતાં કહેતા ય એ નિંદામણના ઘૂંટડા ભરતી હોય... તો ભાઈઓ પણ સાંજે-રાત્રે અને રજાના દિવસે ગમે ત્યારે આવી 'ઓટલા પરિષદ' ભરીને 'વિલેજથી લઈને વર્લ્ડ લેવલ'ની ચર્ચાઓ કરતા જોવા મળે જ... આ એક્પર્ટ ચર્ચા અને કોમેન્ટ્સમાં એક-બે કલાક કયાં પસાર થઈ જાય તેની ખબર ના રહે !! કદાચ આપણને ત્યાં વયસ્કો - નિવૃત્તોની આ ટાઈમપાસ ફેવરિટી એક્ટિવીટી કહી શકાય. હવે બદલાતા સમય સાથે ઓટલા પરિષદ ઘટના ઓટલેથી આગળ વધીને મંદિરમાં પગથિયાં, પાન પાર્લર, ચાની લારી કે 'કોફી કાફે' સુધી પહોંચી છે એ નોંધવું રહ્યું...

વિદેશમાં આપણી આ પ્રવૃત્તિ જોવા નથી મળતી કેમ કે અહીં કયાંક ઓટલા પરિષદ ભરાતી નથી. આ વિશે અમે લંડન સ્થિત સ્વજનને પૃચ્છા કરી તો ઉત્તર મળ્યો : 'વીક-ડેમાં અર્લી મોર્નિંગ ટુ નાઈટ હોય, જોબ ચિલ્ડ્રન પાછળ ભાગાભાગી કરતાં અને વીકએન્ડમાં ચડેલાં કામો પતાવતા ને આરામ કરવામાં અહીં એવી પંચાતો માટે ટાઈમ કોને હોય !'

'ટાઈમ તો કાઢવો હોય તો મળી રહે, પણ મૂળ વાત, અહીં ઘરને ઓટલા જ નથી હોતા તો 'ઓટલા પરિષદ' કયાં કરે ? અમે મજાક કરી પણ મનમાં મિલિયન ડોલર નો પ્રશ્ન ઘૂમરાયાં કરે છે કે 'ઓટલા પરિષદ નથી ભરાતી કે એ માટે રસ કે સમય નથી એટલે અહીં ઘરોને ઓટલા નથી હોતા ?'

જે હોય તે પણ અહીં મોટા ભાગનાં 'હાઉસ' જે 'ઓટલા લેસ' - આગળ ઓટલા વગરનાં જોવા મળે. એ સાચું વર્ષનો મોટો ભાગ છંડી - વરસાદ હોય તેથી બહાર બેસાય જ ઓછું ને ગમે પણ નહીં એટલે જ આપણે ત્યાંની માફક ઘરોની આગળ ઓટલા, વરંડા - ઓસરીનો 'કન્સેપ્ટ' જ નથી... અને આમેય ઘડિયાળના કાંટે ને ટકોરે ઊઠવાનું, કામધંધે દોડવાનું ને સૂવાનું હોય એટલે આપણા જેવી રોજ ભેગા બેસીને ગપાટાં મારવાની 'લકઝરી' ક્યાંથી પોષાય, હૈં !

જો કે હવે આપણે ત્યાં પણ મોટા શહેરોમાં કોઈની પાસે ઓટલા પરિષદ માટે સમય નથી હોતો. હકીકત છે. બાકી નાનાં ટાઉન - ગામડાઓમાં તો તો હજીય ઓટલા પરિષદો અકબંધ છે...

પરદેશમાં ભલે 'હાઉસ'ની આગળ - ફ્રન્ટ યાર્ડમાં ઓટલા ન હોય પણ 'બેકયાર્ડ'માં હરિયાળી લોન પર કે 'ડેક - પેટિયો' પર ફેમિલી અને ફ્રેન્ડઝ ભેગાં મળી, 'બાર્બેક્યુ'ની પાર્ટી કરતાં કરતાં આપણી જેમ 'વાતોનાં વડાં' કરે છે ખરા.... કહેવું હોય તો ઈન્ડિયન 'ઓટલા પરિષદ' નું 'ફોરેન વર્ઝન' કહી શકાય ખરું ?

દેશની ને પરદેશના આવા તફાવતની વાતો આપણે મનુષ્યો ભલે કરીએ, પરંતુ ઈશ્વરે - કુદરતે કયાં એવે ભાદભાવ રાખ્યા છે. અહીં હરતાં - ફરતાં 'ધરા' જોઈ લીધી, ગગન જોઈ લીધી' ને માણ્યું ને જાણ્યું કે આકાશ આપણે ત્યાં છે તેવું જ અહીં છે. નભના ચંદરવા સૂરજ - ચંદ્રનો શણગાર દેશ ને પરદેસમાં સમાન હોય છે. ઝરણાં ને નદીમાં નીર આપણાં જેવા જ વહે છે. (હાં, અહીં ચોખ્ખાં ને આપણે ત્યાં....? પણ આ ભેદ બેદરકાર - અણસમજુ માનવોએ કર્યો છે ને!) બાકી દરિયાનાં મોજાનું ઊછળવું, પંખીઓનું ઉડ્ડયન, ને ચહેકવું, પવન સંગ વૃક્ષો - ડાળીઓનું ઝૂમવું બધું બધે સરખું જ આપ્યું છે પ્રકૃતિએ...

બાળકોનાં નિર્દોષ - મસ્તી-તોફાન, હાસ્યને રુદન, મમ્મીઓનાં એમને લાડ-દુલાર પણ સરખાં જ.... ભાષા ભલે અલગ, ભાવમાં - લાગણીઓમાં કોઈ ફરક નહીં જ....

હા, એક વાત જોઈ... આપણે ત્યાં ચાની કિટલીએ ચાની ચુસ્કીઓ લેતા ભેગા થઈ, બધા વાતો કરે ને અહીં પબ - બારમાં બિયરના ગ્લાસ પર ચર્ચાઓ ચાલતી હોય છે... એમાંય તફાવત કરો... ચાની કિટલી પર ભાઈઓ જ ભેગા થાય... જયારે પબ-બારમાં ફેમિલી સાથે જ બધા જોડાય !!